|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ સર્વહૃદય વાસિને નમઃ || (૫૦).

# બધાના હૃદયમાં વાસ કરવાવાળા

# શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સ્વામી કહે છે-હું તમારા હૃદયમાં વાસ કરું છું, પરંતુ કેટલાક લોકોને તેની ખબર નથી હોતી. " એનું કારણ સ્વામી કહે છે કે-" પરમેશ્વરની છબી તમારા હૃદયમાં છે. જો તમને તે દેખાતી ન હોય, તો તમારું હૃદય ઈચ્છા અને અશિસ્તની ધૂળથી ભરાયેલું છે એમ સમજો. જ્ઞાન, સત્કર્મ અને ભક્તિથી આ ધૂળ સાફ કરી નાંખો, પછી તમે તમારી અંદર રહેલા પરમેશ્વરને જોઈ શકશો. "

ડૉ. આર.એસ.પદ્મનાભનના જીવનમાં ઘટેલી આ એક અવિસ્મરણીય ઘટના. ૧૯૭૩ ની સાલમાં તેમના પુત્રના એડમિશન માટે તેમણે પોતે અમેરિકા જવું એમ સ્વામીએ તેમને કહ્યું. જ્યારે ડૉક્ટર સ્વામીની રજા લેવા માટે આવ્યા, ત્યારે સ્વામીએ એક ટોપાઝની વિટીનું સર્જન કરી તેમને આપી. તે વખતે ત્યાં ઉપસ્થિતકર્નલ જોગરાવે સ્વામીને પૂછયું-" સ્વામી આ વિટીમાં તમારી પ્રતિમા (ફોટો) છે? " ત્યારે સ્વામી બોલ્યા-" મારી પ્રતિમા હોય કે ન હોય, પરંતુ હું માત્ર તેના હૃદયમાં હોઈશ અને તેની કાળજી લઈશ. " એમ કહેતા સ્વામીએ ત્રણવાર તે વીંટી ઉપર ફૂંક મારી અને તે વિટીમાં સ્વામીની પ્રતિમા (છબી) દેખાવા લાગી.

સ્વામીના આશીર્વાદ લઈને ડૉ. પદ્મનાભન નીકળ્યા. સર્વ પ્રથમ તે બૂન નામના સ્થળે ઊતર્યા. ત્યાં તેમણે ડેન્ટલ હોસ્પિટલની મુલાકાત લીધી. ત્યાંથી તેમણે ડસેલ્ડ્રોફ જઈને આગળનો પ્રવાસ વિમાનથી કરવાનો હતો. એટલે તે બૂનના એરપોર્ટ આવ્યા. ત્યાં તેમને વિમાન કેન્સલ (રદ) થયું હોવાની ખબર પડી. આ સાંભળતા જ ડૉ. પદ્મનાભન ચકરાઈ ગયા. તેમને શું કરવું કાંઈ સૂઝતું નહોતું, કારણ કે ડસેલ્ડ્રોફથી એમસ્ટરડેમ ગયા પછી ત્યાં તેમને બે વયોવૃદ્ધ સ્વામી ભક્ત મિત્રો મળવાના હતા. એટલામાં એરપોર્ટનાં મુખ્ય અધિકારી તેમની પાસે આવ્યા અને બોલ્યા-' અહીંથી ડસેલ્ડ્રોફ ૧૧૦ કિલોમીટર દૂર છે. તમે અત્યારે જો ટેક્સી પકડીને જશો તો યોગ્ય વિમાન પકડી શકશો.' એમ કહીને તે અધિકારીએ ડૉક્ટર માટે ટેક્સી મંગાવી અને ડૉક્ટર તેમાં બેસીને ડસેલ્ડ્રોફ પહોંચ્યા. તેઓ જ્યારે એરપોર્ટ પહોંચ્યા ત્યારે ટેક્સીમાંથી ઊતરતા જ એક સફેદ ગણવેશધારી કુલી તેમની પાસે આવ્યો અને તેણે તેમનો સામાન ઉંચકી લીધો. એ તેમની સાથે વિમાનની સીટ સુધી સામાન મૂકવા માટે ગયો. ડૉક્ટર સીટ પર બેઠા પછી તે કુલીને પૈસા આપવા માટે જોવા લાગ્યા, પરંતુ ત્યાં સુધીમાં તે જતો રહ્યો

હતો. ડૉક્ટરનો આગળનો પ્રવાસ (મુસાફરી) વ્યવસ્થિત થયો અને પુત્રનું એડમિશન થયા પછી તે પાછા ભારત આવ્યા.

ભારતમાં પાછા આવ્યા પછી તે વૃંદાવન આશ્રમમાં સ્વામીના દર્શન માટે ગયા ત્યારે સ્વામીએ તેમને મુસાફરી બાબત પૂછયું. ડૉક્ટરે કહ્યું – ' મુસાફરી સારી થઈ.' તેના પર સ્વામી બોલ્યા- "ફક્ત ડસેલ્ડ્રોફના એરપોર્ટ ઉપરની ઘટના છોડતા મને ટેકસીમાંથી વિમાન સુધી તારો સામાન ઊંચકવો પડયો, પરંતુ તે મારો આભાર પણ માન્યો નહીં ત્યારે ડૉક્ટર પદ્મનાભનને સ્વામીનું વાક્ય યાદ આવ્યું-" હું તેમના હૃદયમાં હોઈશ અને તેમની કાળજી લઈશ. "

||ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||